# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન ● વર્ષ : ૩ ● અંક : ૧૨ ● સળંગ અંક : ૧૧૫ ● તા.૨૨ ઓગસ્ટ થી ૨૮ ઓગસ્ટ ૨૦૨૦



**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.


પેન થી નહી પ્રેમથી,

હોઠ થી નહી હૈયા થી,

અક્ષર થી નહી અંતર થી,

શબ્દો થી નહી સ્નેહ થી,

ફક્ત વચન અને કાયાથી નહિ, મનથી સહુને...




## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન


SAVIOUR®
Performing PPE
Sure Safety
Complete Safety Solutions
COVID-19 OFFER
SPECIAL DISCOUNT
FOR ALL KDO
20% OFF
EN 166
FPSAV-F-SS
COVID-19 Face Shield
NIOSH/EN 149-2001 + A1:2009/FFP2
RPSAV-N95
N-95 Respirator
SITRA Approved
BPSAV-VGS
N-95 Respirator
EN 166
EYSAV-CHS-S
Chemi Splash Small
*Offer Valid till Stocks last!!! at factory Prices.
BOOK YOUR ORDER
DEALERS WANTED
www.suresafety.com
healthcare@suresafety.com | onlinestore@suresafety.com
+91 9974901995 | +91 7229079494



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા

**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

લક્ષ્મીચંદ લાલજી પોલડીયા

પ્રવીણ હંસરાજ લોડાયા

તિલોકચંદ નરશી દંડ

કીર્તિકુમાર ધનજી ધરમશી

**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email : gyatimaiya2018@gmail.com

**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.

## અમારી વાત... સંપાદક સ્થાનેથી

# ક્ષમા વીરસ્ય ભૂષણમ્

આપણા દેશમાં તહેવારોની ભરમાર છે. વિવિધ ધર્મના, વિવિધ દિવસોના, વિવિધ દેવોની સાથે જોડાયેલા પર્વ, તહેવાર પ્રસંગો ઉત્સવો સતત આવતા રહે છે. દરેક પર્વનો પોતાનો આગવો મહિમા છે, મહાત્મય છે. જૈન ધર્મનો આવો એક મોટો પર્વ એટલે પર્યુષણ પર્વ. આમાં ભૌતિક આકર્ષણ નહિં પણ આત્માની સાધના અને આત્માના ત્યાગ તપ સાથે જોડાયેલ પર્વ છે. ભલે એ જૈન ધર્મનો મહાઉત્સવ છે. પણ એક સાર્વભૌમ પર્વ છે. જે સૌને અંતરમાં ઊતરીને યર્થાથતાના દર્શન કરવાનો અવસર આપે છે. માનવ માત્ર માટે આ એક એવું પર્વ છે જેમાં પોતાના આત્માની ઉપાસના કરવામાં આવે છે. એટલે જ આ અંતર મનના ભાવ ઉલેચવાનો, તેમાં ઊંડા ઝાંખીને જોવાનો અવસર આપે છે.

સંપૂર્ણ જૈન સમાજનું આ એક મહાકુંભ પર્વ છે. જે ૩૬૪ દિવસ વિત્યા પછી આવે છે. જૈન ધર્મના દરેક ફિરકા પર્યુષણ પર્વના આઠ દિવસનું મહત્વ સમજીને તેનું આત્મ તત્વ જાળવી આઠ દિવસ સુધી જાગૃત થઈ તપ અને સાધનામાં રત થઈ જાય છે. આ પર્વ ત્યાગ, તપ, ઉપવાસ, પૌષધ, સામાયિક, સ્વાધ્યાય, સંયમ, પ્રતિક્રમણ અને ધર્મ ઉપાસના કરી પોતાના આત્મબળની સાથે શારિરીક ક્ષમતાને જાણે એરણે ચડાવી ચકાસે છે.

પર્યુષણ પર્વના ઝૂમખામાંનો છેલ્લો દિવસ સંવત્સરીનો દિવસ. આ દિવસ આખા વર્ષમાં મન, કર્મ, વચન, કાયાથી કરેલા, જાણતા-અજાણતા થયેલા પાપોનો ક્ષય કરવાનો દિવસ. વિશુધ્ધ ભાવથી નિર્મળ મન, અંતરથી, સદ્ભાવથી, બોલતા, ચાલતા કોઈ ને કંઈ કહેવા ગયું હોય, કોઈના દિલને દુભાવ્યું હોય, કોઈની લાગણીને ઠેસ પહોંચાડી હોય તો ખરા મનથી ક્ષમા માંગવી, શુધ્ધ આત્માભાવ ધરાવી, અહંમ ઓગાળી, મોટપ ત્યાગી પદ-માન મોભાને વિસરીને અંતરનું શુધ્ધિકરણ કરી ઉદાર ભાવથી સૌની ક્ષમા માંગવી એ મહાન દિવસ એટલે સંવત્સરી. તનને રોજે રોજ સ્નાન કરી સ્વચ્છ રાખીએ છીએ પણ મન આત્માને શુભ અને શુધ્ધ કરી સકલ નિર્મળ કરવાનો એક માત્ર દિવસ એટલે સંવત્સરી પર્વ.

ભગવાન મહાવીરે કહ્યું છે મિતિ મે સવ્વ ભૂણ્સું, વેર મેજઝણ કેણઈ અર્થાત બધા જીવ-પ્રાણીઓ સાથે મારી મૈત્રી છે. કોઈ સાથે વેર-અટંસ નથી. આ જ જ્ઞાન બોધની આખા વિશ્વને જરૂરત છે. અહિંસા અને મૈત્રી દ્વારા જ શાંતિ-સુખ મળી શકે છે. વર્તમાન સમયે માત્ર સમાજ, દેશ માટે જ નહીં. સમગ્ર વિશ્વ માટે વેર-વિખવાદ, હિંસા-આતંકવાદ, દ્વેષ, ભ્રષ્ટાચાર ભોગવાદનું દૂષણ વ્યાપી ગયું છે. ત્યારે સમતા રાખી ક્ષમા ભાવ ધરવો ઉચિત ઉપાય છે. પુણ્યનું પોષણ અને પાપનું શોષણ કરવાને પર્વાધિરાજ પર્યુષણના મન-કર્મના તપ, જપ, આરાધના પછી વિશ્વના તમામ જીવો સાથે વેર ભાવનું વિસર્જન કરી સામી વ્યક્તિના દુર્ગુણો, ભૂલોને ઉદારતાથી ભૂલી આપણી પોતાની ભૂલોનું ખરા હૃદયથી એકરાર કરી બે હાથ, મન અને મસ્તક ઝૂકાવી મિચ્છામિ દુક્કડમ્ કહીએ. સૌને મિચ્છામિ દુક્કડમ્. - જય જ્ઞાતિ મૈયા

# ક્ષમા માંગનાર કરતા ક્ષમા આપનાર મહાન છે

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

ઘર સંસાર કે વ્યવહારનો નિયમ છે જેનાથી પરે હટીએ તે છતાં એ ચીજ, એ વળગણ કે એ વસ્તુ ને ખાસિયત આપણી પાછળ કે આપણી આજુબાજુ આવી જ જાય. વાદ-વિવાદ ન જાગે એ ઈચ્છીએ તે છતાં ઘણી જગ્યાએ વિવાદો જાગે છે અને આપણે એમાં લપેટાઈ જઈએ. વ્યવહાર જાળવણીમાં સાવધાની ને સાવચેતી રાખવી જરૂરી છે. વિવાદ કે વિખવાદ, વેરઝેરના પ્રસંગો ઘટનાઓ જાગે તે વખતે સમજણથી કામ લેવું જરૂરી છે. વાસણો ખખડે ભલે પણ તે ભંગાર ન થઈ જવા જોઈએ એ સાવધાની પ્રમાણે વ્યક્તિ વ્યક્તિ વચ્ચે મન મુટાવ ન રહેવો જોઈએ.

ઘર સંસાર, ધંધા રોજગારમાં, ભાગીદારીના વ્યવહારમાં, ગ્રાહક કે વેપારીઓ વચ્ચે બોલાચાલી થાય તે સ્વભાવિક છે. ક્રોધમાં ન બોલવાના શબ્દો નીકળી જાય. જે સામેવાળાના મનને ભેદી ઘાયલ કરે તે ન થાય એ માટે સતત સજાગ રહેવું જરૂરી છે. એક આગ બને બીજો પાણી બની જાય. એક ભૂલ કબૂલે બીજો તેની ભૂલને ભૂલાવી દે એવી રીતે એક અંતકરણપૂર્વક ક્ષમા માંગે અને અન્ય જણ ઉદાર થઈ ક્ષમા આપી દે તો વેર વધતો અટકે, ઝઘડો શાંત થાય અને ભભૂકતી આગ શાંત થાય. મનનો ઉદ્વેગ શમે. આ કેવળ વ્યવહાર ઔપચારિકતા ન હોય માત્ર, પણ હૃદયની ઉદારતા હોય, પાવનકારી ભાવના હોય અને તહેદિલથી થયેલો આ પ્રેમ ભાવ હોય.

ક્રોધિત થઈને તમાચો જડી દેવો આસાન છે પણ પછી ક્ષમા માગવી કઠિન છે. કોઈની સામે વેર બાંધવું સહેલું છે, વેરની સામે વેર શક્ય છે પણ વેરને ક્ષમા આપી શાંત કરવું અઘરું છે. વેરની સામે વેર કરવું સાવ સહેલું છે પણ વેરની સામે શાંત ભાવે ક્ષમા આપી દેવીને જિગરની તાકત છે.

વેરની સામે વેરભાવનાથી તથા સમજણ, સંસ્કારના અભાવથી એકબીજા વચ્ચે મન દુઃખ ઊભા થાય છે. આ જ કારણથી કોર્ટ કેસોથી ઊભરાય છે અને કાનૂનના રખેવાળ, રક્ષક પોલીસ સતત અને સખત મહેનત કરે છે.

ભૂલને ભૂલી જવાનો ભાવ સદ્‌ગુણ છે. એક બીજા સાથે અબોલા ન કરવા, વેરઝેર ન ધરાવવા, શત્રુવટ ન રાખવી. આ કંઈ નાનપ નથી. ક્ષમા વીરસ્ય ભૂષણમ્. ક્ષમા માંગનાર કરતા ક્ષમા આપનાર મહાન છે. કારણ કે એને ઘણું ઘણું ભૂલવું પડે છે, ઘણું બધું ભોગવું પડે છે, ત્યાગવું પડે છે. માટે ક્ષમા આપનાર મહાન છે, ક્ષમા દાતા આજના સમયનો ઉદાર દાતાર છે. સૌને મિચ્છામિ દુક્કડમ્.

## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

| | |
|---|---|
| Type of Account | :Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | :Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | :Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | :Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | :ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# સમસ્ત મહાજનની ઉદાતભાવે સૌની ક્ષમાપના

સમસ્ત મહાજનના નેજા હેઠળ વિવિધ પ્રવૃત્તિઓ જ્ઞાતિજનો માટે કરાઈ રહી છે અને ટૂંકા ગાળામાં અનેક વિધ પ્રવૃત્તિઓ, કાર્ય યોજનાઓ અમલમાં લાવી દરેકે દરેક જ્ઞાતિજનોને લાભ થાય, ઉપયોગી થાય એ રીતે પ્રવૃત્તિઓ આજ સુધી થઈ છે અને આગામી સમયમાં પણ થતી રહેશે. આ સર્વેનો અમલ થઈ શકે એ માટે ઉદારદિલ દાતાઓ, શ્રેષ્ઠી જ્ઞાતિજનો, વિવિધ નાના-મોટા મહાજન મંડળ, ટ્રસ્ટ કે સંસ્થાઓ ઉપરાંત વ્યક્તિગત જ્ઞાતિજનોનો ઉદારપણે સહકાર, સાથ મળ્યો છે.

આપણી સમક્ષ પડકારો ઊંચા છે, સમસ્યા વિકરાળ છે. સમય સંજોગોને લક્ષમાં લઈને આપણા ઈરાદાઓ, ઈચ્છાઓ અને કટિબદ્ધતાને લઈને સૌના સંગાથથી લક્ષ્ય જરૂરને જરૂર મેળવી લેશું એ શ્રદ્ધા છે એવો વિશ્વાસ છે.

સમસ્ત મહાજનના દરેક મેનેજીંગ ટ્રસ્ટી, સર્વે ટ્રસ્ટીઓ, વિવિધ કમિટીઓ પદાધિકારીઓ, સભ્યો, કાર્યાલય સ્ટાફ વગેરેથી જાણતા અજાણતા વાણી વર્તનથી, વ્યવહાર કે લખાણથી કોઈનું દિલ દુભાવ્યું હોય, મન ક્ષતિ કરી હોય તો પ્રત્યેક જ્ઞાતિજન, સંઘ, મહાજન, મંડળ, ટ્રસ્ટના દરેકે દરેકની આ સંવત્સરીના પાવન પર્વે બે હાથ, મન, મસ્તક ઝૂકાવી અંતઃકરણપૂર્વક ક્ષમા માંગીએ છીએ. સૌને 'મિચ્છા મિ દુક્કડં'



# કેડીઓ બીટુબીના બિઝનેસ અને ગૃહઉદ્યોગ ફેસબુક ગ્રુપમાં જોડાવા આહવાન







સમસ્ત મહાજનની વ્યાપાર વિકાસ સમિતી આપને આમન્ત્રિત કરે છે કે B2B બિઝનેસ અને ગૃહઉદ્યોગને પ્રગતીના પંથે લઈ જવા અમારા ફેસબુક ગ્રુપની મદદથી આપના વ્યાપારને ઓનલાઇન કરી વિકાસના નવા શિખરો સર કરો.

સમસ્ત મહાજનની વ્યાપાર વિકાસ સમિતીના વિવિધ ગ્રુપમાં ૧૩૦૦ જેટલાં મેમ્બર્સો એ વોટ્સએપ ગ્રુપ અને ટેલિગ્રામ ગ્રુપમાં જોડાઈને લાભ લીધેલ છે પણ વોટ્સએપ પર એક ગ્રુપમાં ૨૫૫ વધુમાં વધુ મેમ્બરની મર્યાદા હોવાથી આપણે ફેસબુક ગ્રુપમાં આપને જોડાવા આમંત્રિત કરીએ છીએ. ફેસબુક ગ્રુપ માટેની લીંક https://www.facebook.com/groups/3080926758696685/?ref=share

તો પધારો અને આપના પ્રોડક્ટસ અને સર્વિસેસ વિશે પોસ્ટ કરો આ ગ્રુપમાં આપના વ્યાપારને અધિકાધિક વિકસિત કરી ઉપરોક્ત ફેસબુક ગ્રૂપમાં આપને અઠવાડિયામાં એકવાર જ પોસ્ટ કરવાની રહેશે જેને બીજા મેમ્બર અધિક વાર જોઈને આપનો સંપર્ક કરશે

પ્રેષક - કેડીઓ બીટુબી સમિતિ






# પર્યુષણ પર્વ

આત્મશુદ્ધિ, સંયમ, ત્યાગ અને નવચેતનાને વિકસિત કરવાની તક આપે છે

'મિચ્છા મિ દુક્કડં'



Emkay (Estd. 1985)
Consultancy Services

Labour Law Consulant
Raychand Jiwani (Jain)
8779875109, 9833043749

Smitray Consultancy Service
Mithun R. Jiwani-9324678950

Purva Smit Consultancy Service
Smita Raychand Jiwani-9867583062

Purva Creative Service
Purva R. Jiwani-9664362724

- Provident Fund
- E.S.I.C.
- P. Tax
- Contract Labour
- Bonus & Gratuity
- SME Registration
- Minimum Wages
- B.O.C.W. Act
- Shops Licence
- Pay Roll
- M.L.W.Fund
- Pancard
- Workmen's Compensation
- Labour Compliance Audit
- Labour Law Due Diligence

202, Shreeji Villa, Near Laxmi Book Depot. Opp Karnavat Classes, Lohar Ali,
Station Road,Thane (West) - 400 60. Tel. : 2544 0636 • 8779875109
E-mail : emkay544@gmail.com • www.emkayconsultancy.in

# શ્રી કચ્છી દશા ઓસવાલ સાંયરા જૈન મહાજન ટ્રસ્ટ
# ભાવ સ્વપ્ન દર્શન ચડાવાના લાભાર્થી પરિવારો

મોક્ષ/બારી ઉઘાડવાનું ઘૃત લાભાર્થી : શ્રીમતી તારામતી જેઠાલાલ મોમાયા (માણાવઘર).
કલ્પસૂત્ર પોથી લાભાર્થી : માતુશ્રી ધનબાઈ શીવજી લોડાયા (ઘાટકોપર).

**ઝૂલાવવાના લાભાર્થી :**

- ગજરાજને ઝૂલાવાનું ઘૃત માતુશ્રી હીરબાઈ વીરચંદ રતનશી ભાટે (ડોંબિવલી).
- વૃષભને ઝૂલાવાનું ઘૃત માતુશ્રી દમયંતીબેન રતનશી કુંવરજી લોડાયા (સાંયરા)
- કેસરી સિંહને ઝૂલાવાનું ઘૃત માતુશ્રી કુંવરબાઈ રતનશી હેફા (વાશી)
- લક્ષ્મીને ઝૂલાવાનું ઘૃત શેઠશ્રી હીરજી હેમરાજ મોમાયા (હુબલી)
- ફૂલની માળાને ઝૂલાવાનું ઘૃત અ.સૌ. પ્રેમીલાબેન પદમશી લોડાયા (વાશી)
- ચંદ્રને ઝૂલાવાનું ઘૃત માતુશ્રી જવેરબાઈ ખીમજી મોમાયા (હુબલી)
- સૂર્યને ઝૂલાવાનું ઘૃત માતુશ્રી લીલાવંતી નવીનચંદ્ર મોમાયા (માટુંગા)
- ધર્મની ધ્વજાને ઝૂલાવાનું ઘૃત માતુશ્રી સુશીલાબેન રતનશી સોની (જલગામ)
- કળશને ઝૂલાવાનું ઘૃત ધ્રુવ વિશાખા મૈશેરી (કોચીન)
- પદ્મ સરોવરને ઝૂલાવાનું ઘૃત અ.સૌ. વૈશાલી વિજય ધરમશી (મુલુંડ)
- વહાણને ઝૂલાવાનું ઘૃત માતુશ્રી ગંગાબાઈ લીલાધર મોમાયા (માટુંગા).
- દેવ વિમાનને ઝૂલાવાનું ઘૃત શેઠશ્રી પદમશી કુંવરજી લોડાયા (વાશી)
- રત્નની રાશીને ઝૂલાવાનું ઘૃત માતુશ્રી સરલાબેન રતીલાલ લોડાયા (કોઈમ્બતુર)
- અગ્નિશિલાને ઝૂલાવાનું ઘૃત માતુશ્રી સરલાબેન રતીલાલ લોડાયા (કોઈમ્બતુર)

**પધરાવવાના લાભાર્થી :**

- ગજરાજને પધરાવવાનું ઘૃત શ્રી હીરાચંદ ચત્રભુજ લોડાયા (મુલુંડ)
- વૃષભને પધરાવવાનું ઘૃત માતુશ્રી રમીલાબેન હીરાચંદ વિશનજી પટેલ (ઘાટકોપર)
- કેસરી સિંહને પધરાવવાનું ઘૃત માતુશ્રી ભાગ્યવંતીબેન હીરાચંદ મોમાયા (જલગાવ)
- લક્ષ્મીને પધરાવવાનું ઘૃત માતુશ્રી જયાબેન જવેરચંદ મોમાયા (ચાલીસગામ)
- ફૂલની માળાને પધરાવવાનું ઘૃત અ.સૌ.નેહલબેન લલીત મોમાયા (અમલનેર)
- ચંદ્રને પધરાવવાનું ઘૃત માતુશ્રી કાંતાબેન મણીલાલ મૈશેરી (મઝગામ)
- સૂર્યને પધરાવવાનું ઘૃત માતુશ્રી લક્ષ્મીબેન ગિરીષ લોડાયા (ભાંડુપ)
- ધર્મની ધ્વજાને પધરાવવાનું ઘૃત માતુશ્રી મધુરીબેન લધુભાઈ લોડાયા (મુલુંડ)
- કળશને પધરાવવાનું ઘૃત માતુશ્રી દમયંતીબેન લક્ષ્મીચંદ મોમાયા જાલના)
- પદ્મ સરોવરને પધરાવવાનું ઘૃત શેઠશ્રી હીરજી હેમરાજ મોમાયા (હુબલી)
- વહાણને પધરાવવાનું ઘૃત માતુશ્રી સારબાઈ હીરજી ખોના (વડોદરા)
- દેવ વિમાનને પધરાવવાનું ઘૃત માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા (ચેન્નઈ)
- રત્નની રાશીને પધરાવવાનું ઘૃત શ્રી રાજેન્દ્ર ડુંગરશી મોમાયા (મુલુંડ)
- અગ્નિશિલાને પધરાવવાનું ઘૃત માતુશ્રી ચંપાબાઈ ડુંગરશી મોમાયા (મુલુંડ)
- પારણું ઘરેને પધરાવવાનું શ્રી મહેન્દ્ર ડુંગરશી મોમાયા (મુલુંડ)

દરેક ચડાવા રૂા.૨.૪૦ પ્રત્યેક મણ લેખે કુલ્લ ૨૦૦૦ મણના રૂા.૫૦૦૦/-ના નક્કી કરાયા હતા.


૧૨ માસ, ૨૪ પક્ષ,
૩૬૫ દિવસ, ૮૭૬૦ કલાકે,
૫૨૫૬૦૦ મિનિટે,
૩૧૫૩૬૦૦૦ સેકન્ડમાં,
જાણે અજાણે જે કોઈ ભૂલ થઈ હોય તો
અમારા પરિવાર તરફથી તમને બધાને
બંને હાથ જોડી, મસ્તક નમાવી,
સાચા હૃદયથી
મન, વચન અને કાયાથી
'મિચ્છા મિ દુક્કડં'
Deluxe logistics Pvt Ltd
Transport Contractors & Fleet Owners
Regd Office: 25/26, Mahavir Darshan, 2nd Floor, 12, Bhandari Street,
Mumbai - 400 003. Off.Phone - 022 - 40231713 / 14 / 15/ 16 / 17. (5 lines)
Contact : Tarun Shah - 9820211880
Corporate Office : 'DELUXE HOUSE', No. 55, 2nd Cross, Kalasipalyam New Extension,
Bangalore - 560 002. Ph : 080-2222 4569 / 2223 1718 / 4153 0042 / 4153 0043
Kirti D. Shah : Director Mob : 98440 04445
The Fun is always on at
DHARAMSHI RESORTS
DHARAMSHI RESORTS PVT. LTD.
Kunigal Road, National Highway 48, Nelamangala,
Bangalore - 562123, Ph : (91) (80) 27700257, 27700263
DHARAMSHI HOLDINGS & DEVELOPERS PVT. LTD.

# આ વર્ષે પર્યુષણ પર્વની આરાધના ઘર પરિવારોમાં કુટુંબિક સદ્ભાવના સાથે થઈ






ચાલુ વર્ષ દરેક રીતે નવા અનુભવ, નવા વ્યવહાર, નવી જીવન નીતિ રીતિ શીખવાડી દેનોરો છે. ધર્મ, આરાધના, ભક્તિ ઉત્સવો દેવ મંદિર સ્થાનકોમાં નહીં પણ ઘરમાં થઈ રહ્યાં છે. મંદિરો બંધ છે. ધર્મ સ્થાનકોમાં ભક્તોને એન્ટ્રી નથી. છતાં ભાવિકજનોના ભાવ-ભક્તિ, ઉત્સાહમાં ઓટ નથી આવી.

આવી ભાવ આરાધના અમદાવાદના ઝવેરચંદ લાલજી ખોના પરિવાર દ્વારા પોતાના નિવાસ સ્થાને અદ્ભૂત રીતે કરાઈ. જેનો વીડિયો રીલીઝ કર્યો છે. તા.૨૦ ઓગસ્ટ ગુરૂવારે શ્રી મહાવીર સ્વામિ દેવના સ્વપ્ન દર્શનનો ઉત્સાહ ઘર પરિવારની દીકરીઓ અને મહિલાઓએ સુંદર અને મનભાવન નૃત્ય, ભક્તિગાન ઉપર કરી ૧૪ સ્વપ્નના દર્શન દાખવ્યા હતા. ધર્મ, ભક્તિ અને ઉત્સાહના ભાવથી આ સ્વપ્ન દર્શનનો લ્હાવો ખોના પરિવારએ અદ્ભૂત રીતે લીધો.



# શ્રી કચ્છી દશા ઓસવાલ સાંયરા જૈન મહાજન ટ્રસ્ટના સંવત ૨૦૭૭ના વાર્ષિક ચડાવાના લાભાર્થી પરિવારો

હાલે પ્રવર્તતા સંજોગોને ધ્યાનમાં લઈ આ વર્ષે પર્યુષણ પર્વની ઉજવણી સર્વત્ર આ પૂર્વે ન થઈ હોય એ રીતે થઈ. આ પરિસ્થિતિને અનુલક્ષી સંવત ૨૦૭૭ કારતક માસ શુક્લ પક્ષ ૧ થી આસો માસ કૃષ્ણ પક્ષ અમાસ સુધીના વાર્ષિક પૂજા ભાવનાના ચડાવા વોટસએપથી લખાયા હતા. જેમાં આવેલ નામોમાંથી પ્રકારી પૂજાના દસ લાભાર્થીના નામ લક્કી ડ્રો દ્વારા નક્કી થયા. જેના નામ નીચે પ્રમાણે છે.

વાક્ષેપ પૂજા : કુ.રૂચિ વિજય ધરમશી-મુલુંડ, પક્ષાલ નમણ : અ.સૌ.નિર્મળા વીરચંદ લોડાયા-આદિપુર, અંગલૂંછણાં : માતુશ્રી ખમાવંતી વાલજી ખોના-કાંજુરમાર્ગ, ચંદન કેસર : અ.સૌ.શીતલ મયૂર મોમાયા-જલગામ, પુષ્પ પૂજા : માતુશ્રી કસ્તુરીબેન મેઘજી લોડાયા, ધૂપ અગરબત્તી : કુ.ખુશી ભાવિન મોમાયા ડોંબિવલી, અખંડ દીપક : કીરણ લઘુભાઈ લોડાયા-મુલુંડ, અક્ષત પૂજા : માતુશ્રી લક્ષ્મીબેન આણંદજી ખોના-જલગામ, નૈવેદ્ય-ફળપૂજા : અ.સૌ.ચેતના બિપિન મોમાયા-ઐરોલી, ગરમ પાણી : સુશીલા મેહુલ મૈશેરી-કોચીન.


જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા



# 卐 શ્રી સુથરી જૈન સંઘ 卐

## શ્રી સુથરી તીર્થે તપશ્ચર્યા કરનાર તપસ્વીઓ

માસક્ષમણ (૩૧ ઉપવાસ)
તપસ્વી



અ.સૌ.પારૂલબેન

**અ.સૌ. પારૂલબેન લીતીન રાયમલ મોમાયા**

સુથરી તીર્થે પ.પૂ. અચલગચ્છાધિપતિશ્રી
આ.ભ. ગુણોદયસાગરસૂરિશ્વરજીની અસીમ કૃપાએ
ચાતુર્માસાર્થે બિરાજમાન સળંગ ૨૮ વર્ષથી
વરસીતપના તપસ્વી મુનિશ્રી હિતવર્ધનસાગરજી
મ.સા.ની તથા સુથરી તીર્થે બિરાજમાન પ.પૂ. સાધ્વીશ્રી
મહાયશાશ્રીજી મ.સા.ની પ્રેરણાએ પારૂલબેને માસક્ષમણની
ઉગ્ર તપશ્ચર્યા નિર્વિઘ્ને પરિપૂર્ણ કરેલ છે.

તપસ્વી સુખ સાતામાં રહેજો તથા સદાય પ્રભુમય બની
આરાધનામાં તલ્લીન રહેજો
એવી દાદા ધૃતકલ્લોલ પાર્શ્વનાથજી સમક્ષ પ્રાર્થના

૯ ઉપવાસ - ૪૧ એકાસણા



શ્રી વાલજી લાલજી ધરમશી
ઉં.- ૭૩-૧૮ વર્ષથી સળંગ અઠ્ઠાઈ
કે તેથી વધુ ઉપવાસ

૯ ઉપવાસ



શ્રી કિશોર વિશનજી છેડા
ઉં. ૬૭

૯ ઉપવાસ



શ્રી દિપક નવીનચંદ્ર મોમાયા

અઠ્ઠાઈ (૮ ઉપવાસ)



અ.સૌ. છાયા લોકેશ છેડા

અઠ્ઠાઈ (૮ ઉપવાસ)



ધ્રુવ હેમંત મોમાયા

**સર્વે તપસ્વીઓને સુખ સાતા તથા મિચ્છામી દુક્કડમ**

**શ્રી સુથરી જૈન સંઘ** ટ્રસ્ટીઓ

# 卐 શ્રી સુથરી જૈન સંઘ 卐

**॥ શ્રી ધૃતકલ્લોલ પાર્શ્વનાથાય નમઃ ॥**

**શ્રી ગુણ-ગુણોદય-કલાપ્રભ-કવીન્દ્ર-વીરભદ્ર-મહોદયસાગર સૂરિભ્યો નમઃ**



**સળંગ ૫૪ વરસી તપના તપસ્વી મહાપુરૂષ**

**તપચક્ર ચક્રવર્તી જિન શાસન શિરોમણી અચલગચ્છાધિપતિ**

## પ.પૂ.આ.ભ.શ્રીમદ્ ગુણોદયસાગર સૂરિશ્વરજી મ.સા.ને

**નત મસ્તકે**

## આદરાંજલિ, ભાવાંજલિ, શ્રદ્ધાંજલિ....

સર્વે ગામવાસીઓ, જ્ઞાતિજનોને ૫૪ રવીવારીય શ્રી ગુણોદય નવકાર જાપ અભિયાન
૯ લાખ નવકાર મંત્ર જાપના મહાસાગરમાં આપણા દરેક ૯ નવકારની અંજલી....
અથવા ભાદરવા સુદ ૧ તા.૧-૯-૨૦ એમના જન્મદિવસથી (૧લો મણકો) બાદ
દર રવિવાર રાત્રે ૯.૦૦ કલાકે ફક્ત ૯ (નવ) નવકાર ગણવા હાર્દિક વિનંતી

### ચાતુર્માસાર્થે બિરાજમાન



પ.પૂ. શ્રી હિતવર્ધકસાગરજી મહારાજ સાહેબ

પ.પૂ.ગચ્છધિપતિશ્રીની કૃપા દષ્ટિએ શ્રી સુથરી સંઘની વિનંતી એ વર્તમાન ચાતુર્માસ માટે પૂ.મુનિશ્રી પૂર્ણભદ્રસાગરજી મ.સા.ના શિષ્ય ૨૮ વર્ષના સળંગ વરસીતપ આરાધક, વારંવાર અઠ્ઠમ તથા પારણામાં પણ આયંબિલ તપની ઉગ્ર તપસ્યા કરનાર તપસ્વી સાહેબની પ્રેરણા, સુંદર વ્યાખ્યાન દ્વારા ભાવિકોને ધર્મમય તથા વિવિધ તપશ્ચર્યા કરવા પ્રેરી કર્મ નિર્જરા કરવા તેમજ સુંદર આરાધના કરવા માર્ગદર્શક રહ્યા. ગુરૂ ભગવંતને કોટિ કોટિ વંદન તથા સંઘવતી

**મિચ્છામિ દુક્કડમ્**

### સુથરી તીર્થે બિરાજમાન



પ.પૂ.સાધ્વીશ્રી મહત્યશાશ્વી મ.સા. દિક્ષા પર્યાય – ૪૫ વર્ષ વર્તમાન ૮૦ વર્ષની જૈફ વય...રૂડું તીર્થ સુથરી જ્યાં છે પ્રભુના અનેક ચમત્કાર, ગુરૂ ગુણોદયસૂરિજીનાં આશિષ વર્તે છે સાક્ષાત્કાર તપસ્વી ક્ષમણી પ.પૂ.મહાયશાશ્રીજી મ.સા.નો કરીએ સત્કાર જેમણે સજર્યા છે ત્યાગ અને તપસ્યાનાં અલંકાર પ.પૂ.આ.ભ.ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ની પૂજ્ય મુનિ હિતવર્ધકસાગરજી મ.સા.ની નિશ્રામાં ચાતુર્માસથી ૫૦ દિવસમાં ઉપવાસ કરનાર સાહેબજીની સતત વહેતી આશિષ ધારા અચાનક અવરોધાતા સાહેબજીને 'અઠાઈ તપ' રૂપી શ્રદ્ધાંજલિ ૮૦ વર્ષની દીર્ઘ વયે અર્પણ કરેલ છે.

*સાહેબજી આપ જલ્દીથી મોક્ષગામી બની*
*મને પણ ત્વરીત ત્યાં તેડાવો.... આપ ભાવરમણતામાં રહેતા*
*પૂજ્યશ્રીની અઠાઈ તપની અનુમોદના...*

### તપસ્વી આત્માઓ

**૩૧ ઉપવાસ –** અ.સૌ.પારૂલબેન લીતીન મોમાયા
**૯ ઉપવાસ –** શ્રી વાલજીભાઈ લાલજી ધરમશી
શ્રી કિશોર વિશનજી છેડા ● શ્રી દિપક નવીનચંદ્ર મોમાયા
**૮ ઉપવાસ –** અ.સૌ. છાયા લોકેશ છેડા ● ધ્રુવ હેમંત મોમાયા
**૬ ઉપવાસ –** અ.સૌ. ડિમ્પલ જિજ્ઞેશ છેડા
કુ.કિંજલ લીરેશ કારાણી ● કુ.ચાંદની લીરેશ કારાણી
**૩૧ આયંબિલ –** અ.સૌ. હેતલબેન હેમંત મોમાયા
**દોઢ માસ એકાસણા –** અ.સૌ.જયાબેન તુષાર છેડા
અ.સૌ. ભારતીબેન દિલીપ ધુલ્લા ● અ.સૌ. હીરાવંતી લહેરચંદ ધરમશી
સૌ.હીરાવંતી મુરજી સાયલા ● અ.સૌ. તમન્ના વિજય શિયાલ



### શ્રમાપના

વાંક અમારો હતો કે તમારો
માત્ર 'આજ' આપણને મળી છે,
કાલની કોઈને ખબર ક્યાં.... નમીએ, ખમીએ,
માફી માંગવાનો 'હક્ક' અમારો છે
અને માફ કરવાનો 'અધિકાર' તમારો છે.
સાંવત્સરી પ્રતિક્રમણ વેળાએ
ખરા અંતર ભાવથી....

**મિચ્છામિ દુક્કડમ્**

**શ્રી સુથરી જૈન સંઘ - ટ્રસ્ટીઓ**

# શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજનના શ્રી રત્નટુંક જૈન દેરાસરમાં ભાવ સ્વપ્ન ચડાવાના આદેશ લાભાર્થી

સ્વર્ગની બારી બોલવાના લાભાર્થી : કુ. સરોજબેન લાલજી મુનવર અને શ્રી દિનેશ લાલજી મુનવર ૨૦૦૭ મણ.

**ઝૂલાવવાના લાભાર્થી :**

- ગજવરને ઝૂલાવાનું ૯૦૦ મણમાં કિશોર ગોવિંદજી (કાયાણી) ખોના પરિવારએ લાભ લીધેલ.
- વૃષભને ઝૂલાવાનું ૭૫૦ મણમાં શા.આણંદજી કાનજી જીવાણી પરિવાર હસ્તે રાજ, જ્યોત્સના રોહિત લહેરચંદ જીવાણીએ લાભ લીધેલ.
- કેસરી સિંહને ઝૂલાવાનું ૭૫૦ મણમાં પાર્શ્વ જીગર શિયાલએ લાભ લીધેલ.
- લક્ષ્મીને ઝૂલાવાનું ૨૫૦૦ મણ માતુશ્રી જયાબાઈ શિવજી મૈશેરી હસ્તે પોમેશ મૈશેરીએ લાભ લીધેલ.
- ફૂલની માળાને ઝૂલાવાનું અને પધરાવવાનું ૨૦૦૦ મણ માતુશ્રી દિવ્યાબેન દામજી લોડાયા અને માતુશ્રી પુષ્પાબેન પદમશી મોમાયાએ લાભ લીધેલ.
- ચંદ્રને ઝૂલાવાનું ૧૦૦૧ મણ કિશોર ગોવિંદજી (કાયાણી) ખોના પરિવારએ લાભ લીધેલ.
- સૂર્યને ઝૂલાવાનું ૭૫૦ મણમાં શા. મહેન્દ્ર દેવજી ખોના હસ્તે ઈન્દ્રજીત, કરણ, પાર્થએ લાભ લીધેલ.
- ધર્મની ધ્વજાને ઝૂલાવાનું ૮૦૦ મણમાં શા. લક્ષ્મીચંદ માણેકજી પરબત મૈસેરી, શેગાવ એ લાભ લીધેલ.
- કળશને ઝૂલાવાનું અને પધરાવવાનું ૧૬૫૦ મણમાં અ.સૌ.ધનલક્ષ્મી કુલીન લાલજી મૈશેરી હસ્તે જીગર કુલીન મૈશેરી, અમદાવાદએ લાભ લીધેલ.
- પદ્મ સરોવરને ઝૂલાવાનું અને પધરાવવાનું ૧૬૫૦ મણમાં માતુશ્રી દમયંતિબેન શામજી કુંવરજી શિયાલ પરિવાર હસ્તે હંસકુમાર શામજી (શિયાલ) શાહએ લાભ લીધેલ.
- ક્ષીરસાગર વહાણને ઝૂલાવાનું ૧૫૦૦ મણમાં માતુશ્રી રતનબેન હંસરાજ મુનવર, આગાશી એ લાભ લીધેલ.
- દેવ વિમાનને ઝૂલાવાનું ૧૦૦૦ મણ માતુશ્રી નવલબેન સોમચંદ મુનવર, બેલારી એ લાભ લીધેલ.
- રત્નની રાશીને ઝૂલાવાનું અને પધરાવવાનું ૧૬૫૦ મણ માતુશ્રી વેલબાઈ કલ્યાણજી હરપાર મૈશેરી હસ્તે ચેતનાબેન દીપક મૈશેરીએ લાભ લીધેલ.
- અગ્નિ શિખાને ઝૂલાવાનું અને પધરાવવાનું ૧૬૫૦ મણ સ્વ. વેલજી જીવરાજ મૈશેરી હસ્તે નવીનભાઈ વેલજી મૈશેરીએ લાભ લીધેલ.

**પધરાવવાના લાભાર્થી :**

- ગજવરને પધરાવવાનું ૯૦૦ મણમાં નીલ દર્શન ચંપક જીવાણીએ લાભ લીધેલ.
- વૃષભને પધરાવવાનું ૯૦૦ મણમાં માતુશ્રી લીલાવંતી વિસનજી સોની પરિવારે લીધેલ.
- કેસરી સિંહને પધરાવવાનું ૯૦૦ મણમાં મહેન્દ્ર દેવજી ખોના હસ્તે ઈન્દ્રજીત, કરણ, પાર્થ એ લાભ લીધેલ.
- લક્ષ્મીને પધરાવવાનું ૨૫૦૦ મણ શા.આણંદજી કાનજી જીવાણી હસ્તે મહેન્દ્ર પી.જીવાણી, નાંદેડએ લાભ લીધેલ.
- ચંદ્રને પધરાવવાનું ૧૧૦૦ મણ શા.શામજી વિસનજી મોમાયા, જખૌ હસ્તે હીરાચંદભાઈએ લાભ લીધેલ.
- સૂર્યને પધરાવવાનું ૯૦૦ મણમાં શા.આણંદજી હિરજી નાગડા, જખૌ એ લાભ લીધેલ.
- ધર્મની ધ્વજાને પધરાવવાનું ૯૦૦ મણમાં માતુશ્રી લક્ષ્મીબેન લક્ષ્મીચંદ માણેકજી મૈશેરી, શેગાવ એ લાભ લીધેલ.
- ક્ષીરસાગર વહાણને પધરાવવાનું ૨૧૦૦ મણમાં માતુશ્રી લીલાવંતી વિસનજી સોની હસ્તે ચંદ્રેશભાઈએ લાભ લીધેલ.
- દેવ વિમાનને પધરાવવાનું ૯૦૦ મણ મણિકાંત ડુંગરશી મૈશેરી પરિવારએ લાભ લીધેલ.
- પોથીને પધરાવવાનું ૫૦૦ મણ કુંજીકાબેન મણશી શિયાલ બૂકસેલરએ લાભ લીધેલ.
- પારણુંને પધરાવવાનું ૧૨૫૧ મણ કિરણ લાલજી પટેલ, મોટી સિંધોડીએ લાભ લીધેલ.



પર્યુષણ પર્વનો સાર છે 'ક્ષમા'
પ્રેમ, હર્ષ અને દયા છે હૈયામાં
દુભાયા હશે અનેક મન પળપળમાં
'મિચ્છા મિ દુક્કડં' કહી ઈચ્છીએ ક્ષમા
'મિચ્છા મિ દુક્કડં'
Prafullchandra Champshi Nagda Parivar, Naliya - Dombivali
9821227329, 9321227329
SHREE AMBICA ROADWAYS
Fleet Owner & Transport Contractor
Daily Services Madhya Pradesh, Maharashtra & Gujrat
Spl. Service : Burhanpur, Nepanagar, Khandwa, Khargone, Indore
101, Neel Ratan Complex, Plot No.24, Sector-19/C,
Vashi, Navi Mumbai - 400 705.
Tel. : 022-27839657, 27839669, 27832221
E-mail : shreeambicaroadways@yahoo.com

# પ.પૂ.સા.શ્રી તારકાગુણાશ્રીજી મ.સા.ની ૨૦ દિવસીય શ્રી નવકાર મહામંત્રની મૌન શાસ્ત્રીય સાધના સાનંદ સંપન્ન થઈ

અનંત જ્ઞાન શક્તિના દાતાર શ્રી અનંતનાથ દાદાના દિવ્ય સાંનિધ્યમાં જગત નિરંજન અરૂણોદય સદ્ગુરુ સિંહ ગર્જનાના સ્વામિ, પ.પૂ.સાધ્વીશ્રી સુશિલાગુણાશ્રીજી મ.સા.ના પરમ વિનયી શિષ્યા સરળ સ્વભાવી, સુસંયમી પ.પૂ.સાધ્વીશ્રી તારકાગુણાશ્રીજી મ.સા.ની ૨૦ દિવસીય શ્રી નવકાર મહામંત્રની મૌન શાસ્ત્રીય સાધના સાનંદ સંપન્ન થઈ.

શ્રી નવકાર મહામંત્રના અનન્ય સાધક, આધ્યાત્મ યોગી પ.પૂ.પં.શ્રી ભદ્રંકર વિજયજી મ.સા. પોતાના પુસ્તકોમાં કહેતા કે ૨૦ દિવસ વિધિપૂર્વક તપસ્યા સહ દરરોજના પાંચ હજાર નવકાર અને વીસ દિવસના મૌન એક લાખ નવકારની સાધના કરવાથી અનેક બાહ્ય, આંતર લાભ તથા જબરદસ્ત કર્મ નિર્જરા અને પુણ્ય ઉપાર્જન કરનારી છે.

સાધના પ્રારંભ શ્રાવણ સુદ પાંચમ તા.૨૪-૭-૨૦૨૦થી સાધના પૂર્ણાહૂતિ શ્રાવણ વદ આઠમ તા.૧૨ ઓગસ્ટ ૨૦૨૦ સુધીની શ્રી નવકારની આ દિવ્ય, ભવ્ય, શાસ્ત્રીય એકાંત, મૌન સાધના ચાતુર્માસાર્થે બિરાજમાન પ.પૂ.સા.શ્રી તારકાગુણાશ્રીજી મ.સા.એ શ્રી અનંતનાથ દાદાના સંઘ આંગણે કરીને શ્રી સંઘ તથા મહાજનને અનન્ય લાભ આપ્યો છે. વિધિ વિધાન યુવા વિધિકાર ડૉ. હર્ષ દેઢિયાએ કરાવેલ.

સુર્વણકારે લખાય એવી મહાન સાધના પરમ પૂજ્ય સાધ્વીજીએ કરેલ છે. શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન તરફથી પ.પૂ. સાધ્વીશ્રીજીને સુખ શાતામાં પૂછવામાં આવે છે. આ તપ સાધનાના શુભ ઉર્જાના પ્રભાવે સંઘ મહાજનના દરેક દિશાએ ઉન્નતિ કરાવે એવી શ્રી અનંતનાથ દાદા અને અચલગચ્છાધિષ્ઠાયિકા મહાકાલિ માતાજીની સકલ જ્ઞાતિ પર મહેર રહે એવી પ્રાર્થના.










## માતુશ્રી મણીબેન વાલજી ગોવિંદજી શાહ (ખોના) પરિવાર

ગામ : સાંધવ

અંતરના ઓરડેથી,
દિલના દરવાજેથી,
મનના માંડવેથી,
સ્નેહના સંગાથથી,
મન, વચન અને કાયાથી,
આપને અને આપના પરિવારને
બે હાથ જોડીને અંતઃકરણ પૂર્વક

# મિચ્છામિ દુક્કડમ્

## નેહલ અમર શાહ પરિવાર

બૃહનમુંબઈ મહાનગરપાલિકા, નગરસેવિકા : વોર્ડ નં.૧૭૭

NehalShahBJP

nehalshah.official

# શ્રી નલિયા પાંજરાપોળ ગૌશાળા ચેરિટેબલ ટ્રસ્ટમાં ફાળો નોંધાવી પર્યુષણ પર્વનું પ્રથમ કર્તવ્ય પરિપૂર્ણ કરવાની તક

પર્યુષણ મહાપર્વ જિનશાસનનો અણમોલ ઉત્સવ સાથે અવસર છે. આ પર્વમાં તપ, ત્યાગ સાથે અંતરના શુધ્ધિ દ્વારા જીવદયા ધર્મનું સત્કાર્ય કરીએ.

પર્યુષણ પર્વના પાંચ કર્તવ્ય મા નું પ્રથમ કર્તવ્ય અમારિ પાલન અમારિ પ્રર્વતન. મારી એટલે હિંસા, અમારિ એટલે પોતે હિંસા કરવી નહીં અને કરાવવી નહીં. કોઈ પણ ધર્મ માનવો પ્રત્યે પ્રેમ શીખવાડે છે. જૈન ધર્મ તો પૃથ્વી, પાણીથી માંડીને પશુ-પક્ષી બધા જીવો પ્રત્યે દયા અને પ્રેમ શીખવાડે છે.

દર વર્ષે નલિયામાં આ ફાળો થતો હોય છે. પણ આ વર્ષે કોરોના મહામારીને કારણે સરકારના નીતિ નિયમો અને આદેશોને અનુલક્ષીને લીધે આ વર્ષે પર્યુષણ પર્વમાં સામુહિક આરાધના થઈ શકશે નહીં.

અમારી પ્રવર્તન કર્તવ્યને અનુલક્ષીને શ્રી નલિયા પાંજરાપોળમાં જીવદયાના ફાળામાં આપની યથાયોગ્ય રકમ લખાવીને નીચેના સભ્યોનો સંપર્ક કરી આપ આપનું પર્યુષણનું પ્રથમ કર્તવ્ય પરિપૂર્ણ કરી શકો છો.

આપ આપની વિગત નીચે આપેલ ગુગલ લીંક https://docs.google.com/forms/d/e/1FAIpQLSemZTIAKSH7AJhk0mKrMM41Ct8Mpzpwnm43qyDv0DuO5sqEdg/viewform?usp=sf_ આ લીંકમાં ફોર્મ ભરી મોકલી શકો છો.

વિશેષ વિગત માટે સંપર્ક જુગલ માણેકજી નાગડા (અંજાર)-૯૯૭૮૦૦૨૭૭૨, રાજેશ લખમશી મોતા (નલિયા)-૯૯૧૩૧૧૫૧૩૦, લલિત કુંવરજી ખોના (નલિયા)-૯૯૨૦૪૦૩૯૫૦, ચેતન લહેરચંદ નાગડા (મુંબઈ)-૯૮૨૦૧૦૫૦૭૮, જયંત શામજી મોતા (અંધેરી)-૯૯૮૭૭૮૬૦૬૩, ભાવેશ પરેશ મૈશેરી (નલિયા) મેનેજર-૭૩૫૯૭૭૧૯૪૯ અને ૯૭૧૨૦૭૧૯૪૯.




# ૨૫ મી પુણ્યતિથિએ ભાવભરી શ્રદ્ધાંજલિ







## મુલજી ખેતશી ખોના

**(સ્વર્ગવાસ - તા.૨૪-૦૮-૧૯૯૫)**

## કસ્તુરીબેન મુલજી ખોના

**(સ્વર્ગવાસ - તા.૧૭-૦૨-૧૯૯૫)**

**(ગામ - સુથરી, હાલ - નવી મુંબઈ)**

*આપનો શિસ્તપ્રેમી પરંતુ સેવાભાવી સ્વભાવ, સદા હસતો ચહેરો, પ્રેમસભર આતિથ્ય હંમેશા યાદ રહેશે. તમારો પવિત્ર આત્મા જ્યાં પણ હોય ત્યાં પરમ શાંતિ પામે એ જ અંતઃકરણપૂર્વક પ્રાર્થના.*

**શ્રદ્ધાસુમન**

પુત્રી : શ્રીમતી પ્રભા વિનોદ લોડાયા - મસ્જીદ બંદર
પુત્રી : શ્રીમતી લીલાવતી લક્ષ્મીચંદ લાલકા - ભુજ
પુત્રી : અ.સૌ. મીના શાંતિલાલ શાહ - માટુંગા
પુત્રવધુ-પુત્ર : અ.સૌ. પુષ્પા શશીકાંત ખોના - વાપી
પુત્રવધુ-પુત્ર : અ.સૌ. મિનલ ભરત ખોના - નવી મુંબઈ
તથા સમસ્ત પરિવારજનો


**PAYAL Enterprises**
Builders & Developers
Prop.: **Mr. Bharat M. Khona** BE(Mech)
117, J. K. Chambers, Plot No. 76, Sector -17,
Vashi, Navi Mumbai - 400 703.

*Mrs. Minal B. Khona*
B.Sc., LL.B
Advocate High Court & Notary
(Appointed by Government of India)
108, J. K. Chambers, Plot No. 76, Sector 17,
Vashi, Navi Mumbai - 400 703.



|| खामेमि सव्वे जीवा, सव्वे जीवा खमंतु मे।
मित्तिमे सव्व भुएस् वैरं ममझं न केणई। ||

## માતુશ્રી માનબાઈ માલસી કલ્યાણજી પરિવારના
## આપ સૌને અંતઃકરણપૂર્વક

# મિચ્છામિ દુક્કડમ્

મીરા પ્રેમચંદ માલસી મોતા
દિપાલી મિતેશ પ્રેમચંદ મોતા
મિહિર મિતેશ પ્રેમચંદ મોતા
હર્ષિલ મિતેશ પ્રેમચંદ મોતા
પારુલ મનીષ થોભણભાઈ લોડાયા
ધારિણી દિપક પુનસી લોડાયા
મીના મુકેશ પુનસી લોડાયા
જયશ્રી કમલેશ ઉમરશીં ભેદા

કલ્પના રાયચંદ માલસી મોતા
અમનદીપ દુષ્યન્ત રાયચંદ મોતા
પ્રિયંકા દીપેન રાયચંદ મોતા
મહેર દીપેન રાયચંદ મોતા
જસ્મીન સંકેત વિપીનભાઈ હેકા
નલિની ચેતન મુલજી મોમાયા
મધુરી હરીશ અમૃતલાલ નાગડા

|| શ્રી ચંદ્રપ્રભુજી સ્વામીને નમો નમઃ ||



જય જિનેન્દ્ર...

પર્વાધિરાજ પર્યુષણ પર્વમાં
આપણા સમાજના
જ્ઞાતિજનો, ગામવાસીઓ,
નિયાણી બહેનોએ
'અઠ્ઠાઈ તપ' કે તેનાથી વધુ
ઉગ્ર તપસ્યાઓ કરનાર
સર્વે તપસ્વીઓની...

અન્ય વિવિધ તપ-જપ ની આરાધના કરનારા...

સર્વે તપસ્વીઓ સુખ શાતામાં હશો

સર્વે તપસ્વીઓની ભૂરી ભૂરી અનુમોદના...

આપ સર્વે તપસ્વીઓ શાતામાં રહેજો...

સંવત્સરી પ્રતિક્રમણ કરતી વખતે સૌ જીવોને
ખમાવતાંની સાથે આપશ્રીને પણ અંતકરણપૂર્વક ખમાવીને...



# મિચ્છામિ દુક્કડમ્



લિ.

## શ્રી લાલા ચંદ્રપ્રભુજી જૈન દેરાસર અને મહાજન ટ્રસ્ટ

**પ્રમુખશ્રી : શ્રી તેજપાલ લખમશી ધરમશી**

ઉપપ્રમુખ : શ્રી જવેર મુલજી લાલકા
સેક્રેટરી : શ્રી પ્રવિણ ભવાનજી શાહ (મૈશેરી)
ખજાનચી : શ્રી રાજેશ મુલજી મૈશેરી
કો-ટ્રસ્ટી : અ.સૌ. અલ્પા ઉર્ફે ચાંદની પરેશ લાલકા

● ઉપપ્રમુખ : શ્રી ભરત નારાણજી શાહ (મૈશેરી)
● સેક્રેટરી : શ્રી નવિનચંદ્ર લક્ષ્મીચંદ શાહ (લોડાયા)
● કો-ટ્રસ્ટી : શ્રી જયેશ ગોવિંદજી દંડ
● કો-ટ્રસ્ટી : શ્રી એડ. હેતલબેન લહેરચંદ મૈશેરી

# અનંતનાથ ટ્રસ્ટ અને શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ પ્રાયોજિત પર્યુષણ પર્વ આરતી અને ભક્તિ સંગીત ઓનલાઈન





પાવન પર્વ પર્યુષણ નિમિત્તે અનંતનાથ ટ્રસ્ટ અને શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ પ્રાયોજિત યૂ-ટ્યૂબ ઉપર લાઈવ આરતી અને ભક્તિ સંગીતની રજૂઆત કોકિલકંઠી ગાયિકા જિગિષા રાંભીયા અને સાથી કલાકાર દ્વારા પર્વના આઠેય દિવસ રાતે ૮.૪૫ થી ૯.૧૫ સુધી ભવ્ય રીતે થઈ.

રવિવાર તા.૧૬ અને ૧૭ ઓગસ્ટ સોમવારે અનંતનાથ દેરાસર મસ્જિદ બંદરથી, તા.૧૮,૧૯ અને ૨૦ ઓગસ્ટ મંગળવાર, બુધવાર અને ગુરૂવાર દિને ભાંડુપના અનંતનાથ સિધ્ધિથી તા.૨૧ શુક્રવાર રોજે અનંતનાથ કોમ્પ્લેસ કાંજુરમાર્ગથી તથા તા.૨૨ શનિવાર અને તા.૨૩ ઓગસ્ટ રવિવારના અનંતછાયા, ઘાટકોપરથી ધર્મભાવ ભક્તિના અદ્‌ભૂત માહોલથી સૌ રંગાયા હતા અને સૌ ઉત્સાહ ભાવથી સૂર સંગીતની મોજમાં ગરક થઈ ગયા હતા.

# જ્ઞાતિની યુવા અભિનેત્રી દ્વારા જરૂરતમંદોને વસ્તુઓનું વિતરણ કરાયું



સાકીનાકા, ખૈરાણી રોડ વગેરે ઘાટકોપર અને અંધેરી વચ્ચેના વિસ્તારોમાં ટેલેન્ટેડ અભિનેત્રી એકતા જૈન-એકતા હિરાચંદ પાશ્વીર દંડ ગામ મંજલ-હાલે મુંબઈ દ્વારા જરૂરિયાતમંદ પરિવારોને અન્નધાન્ય તેમજ જીવનાવશ્યક વસ્તુઓનું વિતરણ કરાયું. છેલ્લાં પાંચ માસથી લોકડાઉનને કારણે વ્યવસાય રોજગાર બંધ હોવાથી અનેક પરિવારો આર્થિક સંકટમાંથી પસાર થઈ રહ્યાં છે અને મનોમન પીડા, દર્દ, છૂપાવીને જીવી રહ્યાં છે. તેમને થોડી ઘણી રાહત મળી રહે એવા માટે આ મદદનો હાથ લંબાવ્યો છે. તદ્‌ઉપરાંત એકતા જૈન એ જણાવ્યું કે થઈ શકશે એટલી ત્વરાએ સેવાકીય ટ્રસ્ટના માધ્યમ દ્વારા બેઘર અને મૂંગા પશુપક્ષીઓને માટે સેવા કાર્ય કરવા પોતે ઉપકૃત પ્રયાસ કરી મદદ રૂપ થશે.


જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# ભાવભીની શ્રદ્ધાંજલિ



બુધવાર, તા.૧૯ ઓગસ્ટ
**ચંદનબાઈ ચીમનલાલ સોની**
(ઉ.૮૧ વર્ષ)
વાંકુ, બાગલકોટ



બુધવાર, તા.૧૯ ઓગસ્ટ
**ચંદ્રકાંત લક્ષ્મીચંદ લોડાયા**
(ઉ.૬૨ વર્ષ)
સાયરાં, વડોદરા



મંગળવાર, તા.૧૮ ઓગસ્ટ
**ધીરેન્દ્ર કરમશી મોતા**
(ઉ.૭૧ વર્ષ)
લાખણીયા, માટુંગા



શુક્રવાર, તા.૨૧ ઓગસ્ટ
**હીરાચંદ કાનજી ધરમશી**
(ઉ.૮૦ વર્ષ)
સેવક ભરૂડીયા, ડોંબિવલી



રવિવાર, તા.૧૬ ઓગસ્ટ
**પ્રફુલ પદમશી કુરૂવા**
(ઉ.૮૩ વર્ષ)
ગોધરા, ગામદેવી



શનિવાર, તા.૨૨ ઓગસ્ટ
**લક્ષ્મીબેન હેમરાજ મોમાયા**
(ઉ.૯૦ વર્ષ)
વરાડીયા

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિના મૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે**

**પરમ પ્રભુ પરમાત્મા સદ્‌ગતની આત્માને ચિરશાંતિ અર્પે એજ પ્રભુ પ્રાર્થના**

# ફુલ ખીલે ગુલશન ગુલશન



મુનવર પરિવાર
માતા - દર્શના
પિતા - ચિંતન
ગામ - જખૌ
હાલ - બેલ્લારી
જન્મ - ૧૪-૮-૨૦૨૦



**વિઆન ચિંતન મુનવર**

મૈશેરી પરિવાર
માતા - ઈશ્વરી
પિતા - જીગર
ગામ - સાંધાણ
હાલ - ડોંબિવલી
જન્મ - વિક્રમ સંવત
૨૦૭૫ ભાદરવા સુદ
બીજ





**પર્વ જીગર મૈશેરી**

# ધન્ય તમારી તપશ્ચર્યા, સ્વીકારો અમારી અનુમોદના



ક્રીશા હિતેશ લોડાયા

અક્ષયનિધિ સાથે ઉપવાસ - ૧૧



ભારતી ગૌતમ દંડ

ઉપવાસ – ૯



પારૂલબેન લિતીન મોમાયા

માસ ક્ષમણ–૩૧ ઉપવાસ



વાલજી લાલજી ધરમશી

ઉપવાસ – ૯





કિશોર વિસનજી છેડા

ઉપવાસ – ૯



દિપક નવીનચંદ્ર મોમાયા

ઉપવાસ – ૯








આ નાનકડી જિંદગીમાં મારી તમારી સાથેની
નાનકડી મુલાકાતમાં ક્યારે પણ,
ક્યાં પણ જાણતા અજાણતા અમારી ભૂલોની
હું શમાયાચના માંગુ છું

**મિચ્છામિ દુક્કમ**

**માતુશ્રી તારાબાઈ માણેકજી કેશવજી મોતા પરિવાર**
**રાપર ગઢવારી — અબડાસા, કચ્છ**



ક્ષમાપનાનો વિરાટ તહેવાર એટલે
શ્રી સંવત્સરી મહાપર્વ
અમારા કોઈ કાર્યથી સીધી રીતે કે આડકતરી રીતે
જાણતા કે અજાણતા
જો અમે કોઈની ભાવનાઓને ઠેસ પહોંચાડી હોય
અથવા કોઈ વાતનુ દુઃખ લાગ્યુ હોય
તો તે બદલ અમે અંતકરણથી માફી માગીએ છીએ



મિચ્છા મિ દુક્કડં



માતુશ્રી મિઠીબાઈ મણિલાલ ખોના પરિવાર - સુથરી

અ.સૌ. સરોજ રાજેન્દ્ર મણીલાલ ખોના
કુ. રેખા મણીલાલ ખોના

અ.સૌ. હેમા અશ્વિન મણીલાલ ખોના
અ.સૌ. દર્શના ચંદ્રસેન દંડ

# પ.પૂ. ગુરૂદેવ શ્રી ઉદયરત્નસાગરજી મ.સા.ની પ્રેરણાથી ભકતામર તપનું આયોજન

ગુરૂનંદન પ.પૂ.ગુરૂદેવ શ્રી ઉદયરત્નસાગરજી મ.સા.ની પુનિત પ્રેરણાથી આ વર્ષે ૪૪ દિવસીય ભક્તામર તપનું આયોજન કરાયું છે. જેમાં મુંબઈ, મહારાષ્ટ્ર, ગુજરાત, રાજસ્થાન, મધ્યપ્રદેશ, કર્ણાટક, તેલંગણા આદિ અનેક રાજ્યોના શ્રાવક શ્રાવિકો જોડાયા છે. સર્વે તપસ્વીઓ ખૂબજ શાતાપૂર્વક આગળ વધી રહ્યાં છે.

તપસ્વીઓ પોતાનું નામ રામભાઈ-૮૮૭૯૯૮૯૭૮૭ પાસે આજે જ લખાવો. જેથી આ પૈસાની અનુમોદનાનો સુંદર આયોજન માટે સંખ્યાનો ખ્યાલ આવે.


## પબ્લીક ડિમાન્ડને ધ્યાનમાં લઈને સ્મરણાંજલિ-૨ ટૂંક સમયમાં પ્રકાશિત થશે



### પરમ પૂજ્ય અચલગચ્છાધિપતિ ગુણોદયસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબને સમર્પિત સ્મરણાંજલિ-૨ જ્ઞાતિમૈયા માં

આ વિશેષ પૂર્તિ માટે

પ.પૂ. અચલગચ્છાધિપતિ ગુણોદયસાગરસૂરીશ્વરજી મહારાજને

આપ તેમના પ્રત્યેની અનુમોદના, આદરભાવ તેમજ તેમના સાથેના સંસ્મરણો

ગુરુવાર ૩૦ ઓગસ્ટ ૨૦૨૦ સુધી લખીને મોકલો

## આપ આપની જાહેરાત પણ આપી શકો છો

**કલર ફુલ પેજ રૂા.૮૦૦/- • કલર હાફ પેજ રૂા.૫૦૦/-**

Manisha Lalka - 9820545734 • Varsha Lodaya - 9833072879

Email : gyatimaiya2018@gmail.com

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-
માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર
(ગામ - સાયરા)




Gyatimaiya
Weekly E-magazine